## ૧. <u>બેન્કો દ્વારા MSMEને ધિરાણ :</u>

બેન્કો દ્વારા MSME યુનિટસને જે ધિરાણ આપવામાં આવે છે તે પર્યાપ્ત નથી અને ધિરાણના માંગ અને ઉપલબ્ધ ધિરાણ વચ્ચે ખુબજ અંતર છે. બેન્કોને મોટા ઉદ્યોગોને ધિરાણ આપવામાં વધુ રસ છે અને તેના પગલે MSME ઉદ્યોગો ધિરાણ મેળવવામાં મુશ્કેલી પડે છે. પરિણામે મધ્યમ અને લઘુ ઉદ્યોગોને ઓછા ભંડોળમાં મેનેજ કરવું પડે છે, અન્યથા micro-finance કંપનીઓ પાસે ઉંચા વ્યાજદરે ધિરાણ લેવું પડે છે.

*MSME ને પર્યાપ્ત ફંડ મળી રહે અને તેઓ R & D જેવી વિકાસલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરી શકે તે માટે એક વિશિષ્ટ નિર્દેશન આપવામાં આવે તેવી વિનંતી છે.*

### ૧.૧ વ્યાજ દરોના ઘટાડાના લાભ વેપાર અર્થે ધિરાણ લેનારને મળી રહે તેવી વ્યવસ્થા સરકાર અને RBI એ સુનિશ્ચિત કરવું જોઈએ.

હાલમાં બેન્ક ધિરાણ અને ઇકોનોમીમાં રોકડ ભંડોળનો વધારો કરવા રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા સતત રેપોરેટમાં ઘટાડો કર્યો છે. રેપોરેટ લગભગ ૧૧૦ બેસીસ પોઇન્ટ સુધી ઘટાડવામાં આવ્યો છે તેમ છતાં બેન્કોએ કોમર્શિયલ લોનમાં કોઇ પણ ઘટાડો કરેલ નથી. તેમ છતાં તે ઘટાડો વેપાર અર્થે ધિરાણ લેનારને હસ્તાંતરણ કરવામાં આવેલ નથી.

MSME ને ઓછા વ્યાજદરે ધિરાણ સુનિશ્ચિત કરવા એક પ્રમાણભૂત વ્યવસ્થા કરવામાં આવે તેવું અમે આ પત્ર દ્વારા સૂચવીએ છીએ.

*તેથી અમે વિનંતી કરીએ છીએ કે આપ બેન્કોને નિર્દેશ આપો જેથી આ રેપોરેટના દરમાં જે ઘટાડો થયો છે તેનો લાભ તાત્કાલિક ધોરણે વેપાર અને ઉદ્યોગોને મળી શકે.*

- તદ્‌ઉપરાંત અમારી જાણમાં આવેલ છે કે વિવિધ ખાનગી અને જાહેર ક્ષેત્રોની બેન્કો મૂળભૂત સેવાઓ જેવી કે પાસબુક અપડેટ કરાવવી, ક્લીયરીંગ ચાર્જીસ માટે પણ અલગ અલગ શૂલ્ક વસૂલ કરે છે અને તેમના વ્યાજદરોમાં પણ અસામાન્ય તફાવત છે.

### ૧.૨ વર્તમાન પરિસ્થિતિના પગલે NPA ના માપદંડમાં ફેરફાર

~ હાલમાં બેન્કો **NPA** ખાતાઓનું વર્ગીકરણ ૩૦,૬૦ અને ૯૦ દિવસની ડીફોલ્ટની સમય મર્યાદા મુજબ કરે છે. તેમ છતાં, અમે અગાઉ અમોએ જણાવેલ તેમ મંદીના રૂખ અને ગંભીર રોકડ તંગીના કારણે ક્રેડિટ સાયકલ પર ખુબજ પ્રતિકૂળ અસર થયેલ છે તે માટે, અમે સમય મર્યાદામાં ૬૦,૧૨૦ અને ૧૮૦ દિવસનો સમયગાળો કરવામાં આવે તેવું સૂચન કરીએ છીએ. જેના કારણે MSME ને તેમની ક્રેડિટ સાયકલ મેનેજ કરવામાં સરળતા થશે અને NPA ના વર્ગીકરણથી તેમના વ્યાપાર/ધંધાના કોઇ વિપરીત અસર ના થાય.

### ૧.૩ બેન્કો દ્વારા ઋણ ચૂકવણીમાં છુટછાટ આપવી.

હાલમાં પ્રવર્તતી રોકડ તંગી જેવી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બેન્કોએ વેપાર-ઉદ્યોગ દ્વારા લેવામાં આવેલ ધિરાણની ચૂકવણીની મુદતમાં છુટછાટ આપવી જોઇએ તેવું અમે સૂચવીએ છીએ.

## ૨. જીએસટીને લગતા સૂચનો :

જીએસટીનો જે રીતે વાસ્તવિક અને ઝડપથી સંપૂર્ણ દેશમાં અમલ થયો છે તેને અમે બિરદાવીએ છીએ. જીએસટીને લઇને વચગાળાના ટેકનીકલ ઇસ્યુ રહ્યાં છે તેને અમે સક્રીય રીતે જીએસટી કાઉન્સીલને રજુ કર્યા છે અને અમે સતત તેમના સાથે અમે સંપર્કમાં રહીએ છીએ અને આ બધા પ્રશ્નોનો સમયાંતરે ઉકેલ કરવામાં આવેલ છે.

જીએસટીના અમલીકરણથી ગુજરાતને રાજ્ય વેરાથી જે  આવક થતી તે હવે થતી નથી. ઉપરાંત, રાજ્યને જે ફાળવણી કરવામાં આવેલ છે તે પણ નકારાત્મક વૃદ્ધિ દર્શાવે છે. જીએસટી અંતર્ગત માલ-સામાનના અંતિમ વપરાશ પછી જ આવક પર્યાપ્ત થાય છે. જેમ આપ જાણો છો તે મુજબ ગુજરાત એક ઉત્પાદિત રાજ્ય છે ન કે ઉપભોગ રાજ્ય, અને તેના ચાલતા મોટાભાગે બીજા રાજ્યોને ગુજરાત કરતાં વધુ ફાયદો થાય છે. જેથી મેન્યુફેક્ચરીગ સેક્ટરને પ્રોત્સાહન મળતું નથી.  તેના પગલે સરકારે ઉદ્યોગોને પ્રોત્સાહન માટે પ્લાન કરેલા પ્રોજેક્ટ  ખાસ કરીને MSME ના પ્રોજેક્ટ ફંડની ઉણપ ના કારણે અટવાયેલા રહી જાય છે.

ગુજરાતના ઉદ્યોગોએ હંમેશાં પોતાની લાયકાત અને યોગ્યતા સાબિત કરી છે અને હંમેશાં દેશમાં એક અગ્રેસર રાજ્ય રહ્યું છે અને હવે ગુજરાત વૈશ્વિક સ્તરે પોતાની શાખ પ્રસ્થાપિત કરવા જઇ રહ્યું છે.

*તેથી અમો તેમને મેન્યુફેક્ચરીગ સેક્ટરને વધુ ફાળવણી કરવામાટે વિનંતી કરીએ છીએ. જેથી ગુજરાત મેન્યુફેક્ચરીગ સેક્ટરમાં ઉંચો વિકાસદર હાંસલ કરી શકે.*

૨.૧ CGST એક્ટની અને GST એક્ટની કલમ-૧૩૨ મુજબ કમિશ્નરને કોઇ વ્યક્તિની સીધી ધરપકડ કરવાની છુટ આપે છે. ટેક્ષની આકારણીના અંતિમ નિર્ણયની રાહ જોયા વગર જો તેમને લાગે કે કરચોરી રૂા.૫ કરોડથી વધારે હોવાની સંભાવના છે તો તે વ્યક્તિની સીધી ધરપકડ કરી શકે છે. આવી વિશેષ સત્તાનો દુરુપયોગ થઇ શકે છે.
*તેથી અમે સૂચવીએ છીએ કે કમિશ્નર દ્વારા આવી કાર્યવાહીને પ્રતિબંધિત કરનાર એક મોનીટરીગ અને મંજુરી આપતી સત્તા હોવી જોઈએ.*

૨.૨ અગાઉ EPCG યોજના અંતર્ગત ૧ જુલાઈથી ૧૨ ઓક્ટોબર, ૨૦૧૭ દરમ્યાન ટેક્ષટાઇલ મશીનરીની આયાત પર IGST ચૂકવનારા સભ્યોને ક્રેડિટ પ્રાપ્ત થઇ નથી અને તેઓ આ વધારાની કિંમતના ભારણના લીધે આર્થિક તનાવમાં છે
*તેથી અમે વિનંતી કરીએ છીએ કે ક્રેડિટનો લાભ આ કેસોને પ્રવર્તતી (Retrospective )અસરથી ઉપલબ્ધ કરાવવો જોઈએ.*

૨.૩ એકમ વિસ્તરણ કરવા અથવા નવા એકમ સ્થાપવા માટે એકમો પર મોટો ખર્ચ કરવો પડે છે. આ ઉપરાંત, તેઓએ પ્લાન્ટ અને મકાન પર પણ GST ચૂકવવો પડશે. આ ઉપરાંત GST માં આ ખર્ચ/ રોકાણ પર આ ક્રેડિટ ઉપલબ્ધ નથી અને તેથી તે એક વિશાળ નાણાકીય બોજ વધારે છે.

*અમારું સૂચન છે કે આવા કિસ્સાઓમાં પ્લાન્ટ અને બિલ્ડીંગ પર GST ની ક્રેડીટ આપવું જોઇએ જેથી ઉદ્યોગોને વિસ્તરણ માટે અથવા નવા એકમની સ્થાપના માટે પ્રોત્સાહન પુરું પાડે.*

**૩. પ્રવર્તમાન મંદીના વલણને જોતાં ઉદ્યોગોને સપોર્ટ**

અર્થતંત્રની વૈશ્વિક તેમજ રાષ્ટ્રીય ધારણા એ છે કે તે મંદીના તબક્કામાંથી પસાર થઇ રહી છે. સ્થાનિક અને વૈશ્વિક માંગ ઓછી છે અને ક્રેડિટ ચક્ર લંબાઇ ગયું છે. પરિસ્થિતિમાં ઉમેરો કરવા માટે નવા અસ્તિત્વમાં આવેલ એકમો માટે પુરતું ભંડોળ ઉપલબ્ધ નથી અને જે રોકડ તંગીનું નિર્માણ કરી રહ્યું છે. ગુજરાત એક મોટું ઉત્પાદન કરતું રાજ્ય હોવાથી તે દેશના સૌથી અસરગ્રસ્ત રાજ્યોમાંનું એક છે. અમારા પાડોશી દેશોની સરખામણીમાં કેટલાક નીતિવિષયક વલણોની સાથે મંદીના વલણને કારણે કાપડ જેવા ગુજરાતના મુખ્ય ઉદ્યોગ ક્ષેત્રો પાછળ છે. દા.ત. બાંગ્લાદેશની અનુકૂળ નીતિ અને કારણે ગુજરાતની કાપડની નિકાસ પાછળ છે.

કેમીકલ ક્ષેત્રે, રાષ્ટ્રીય ગ્રીન ટ્રીબ્યુનલ પર્યાવરણ સંક્ષણ અને પ્રદુષણ નિયંત્રણ પ્રત્યે કડક વલણ અપનાવી રહી છે. પર્યાવરણીય સંરક્ષણ અને કચરો વ્યવસ્થાપન તકનીક અને સામાન્ય ઈફલુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) લેન્ડફીલ સાઈટસ અને ગ્રીન ટેકનોલોજીઓ ખૂબ ખર્ચાળ છે અને એકલ ધોરણે MSME દ્વારા પરવડી શકે તેમ નથી. આનાથી કેન્દ્ર સરકારના સ્તરે સામાન્ય એફલુઅન્ટ પ્લાન્ટસ અને અન્ય કચરા વ્યવસ્થાપન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ફાળવણી અને પ્રવૃત્તિની દેખરેખ રાખવી જરૂરી બને છે.

*આવા ફાળવણી માટે ભંડોળ પ્રક્રિયા પર્યાપ્ત અને ઝડપી બની રહે તે ખાતરી કરવી ખુબજ મહત્ત્વપૂર્ણ છે. પર્યાવરણીય અસર આકારણી (EIA) અને એન્વાયર્મેન્ટ ક્લીયરન્સ સર્ટિફીકેટ (CEE) મેળવવાની પ્રક્રિયા ખૂબ સમય માંગી લે છે અને તેને સરળ બનાવવી આવશ્યક છે.*

*અમે સૂચવીએ છીએ કે કાપડ ક્ષેત્ર માટે રાષ્ટ્રીય કાપડ નીતિ ઘડવી જોઇએ કે જેથી માત્ર એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતર થવું ન પડે અને વ્યવસાયમાં અને રાષ્ટ્રીય GDP માં વાસ્તવિક ચોખ્ખો ઉમેરો થાય.*

*અમે તમને વિનંતી કરીએ છીએ કે વર્તમાન વલણોને પગલે ઉદ્યોગોને વધારાની હેન્ડ હોલ્ડીંગ સપોર્ટ પૂરો પાડવામાં આવે.*

**૪. ન્યુનત્તમ કોર્પોરેટ ટેક્ષનો લાભ દરેક MSME સુધી પહોંચી રહે.**

અગાઉના ૨૫૦ કરોડ રૂપિયા સુધીના વાર્ષિક ટર્નઓવર વાળી કેપ મર્યાદા વધારીને ૪૦૦ કરોડ વાર્ષિક ટર્નઓવર કરીને MSME ને ૨૫% નીચા કોર્પોરેટ ટેક્ષ રેટનો લાભ આપવાની તમારી પહેલની પ્રસંશા કરીએ છીએ.

*અમે તમને વિનંતી કરીએ છીએ કે ભાગીદારી, પ્રોપરાઈટર્સશીપ અને LLP ટર્નઓવરના માપદંડ ધરાવતા સહિતનાને પણ ધ્યાનમાં લેવા કારણ કે MSME નો મોટો હિસ્સો હાલમાં આ સેગમેન્ટમાં છે અને ૩૦ ટકા થી વધુ ટેક્ષ ચૂકવવો પડશે. આ પહેલ MSME ને ખૂબ પ્રોત્સાહન આપશે અને એકંદરે આર્થિક વિકાસને પ્રોત્સાહન આપશે.*